

એક માણસ ને કેટલી જમીન જોઇયે?

લીઓ ટોલ્સ્ટોય



લાલચુ ખેડૂત પખોમ ની આ મોહિત અને સંક્ષિપ્ત વાર્તા બાળકો માટે 1886 માં, લીઓ ટોલ્સ્ટોય એ લખી હતી. વધારે ભૂમિ પ્રાપ્ત કરવાની લાલચ માં, પખોમ, બશકીરો ની ભૂમિ ની યાત્રા કરે છે, જ્યાં એ એક દિવસ માં ચાલી શકે એટલી ભૂમિ પ્રાપ્ત કરી શકે.

એક માણસ ને કેટલી ભૂમિ જોઇયે? ટોલ્સ્ટોય ની સુંદર વાર્તા શાનદાર ચિત્રો સાથે જોડે છે અને પખોમ ની યાત્રા નું વિવરણ કરે છે અને રુસી સંસ્કૃતિ ની વિવિધતા પર એક અંતર્દ્રષ્ટિ પ્રદાન કરે છે.





એક માણસ ને કેટલી જમીન જોઇયે?

લીઓ ટોલ્સ્ટોય

ચિત્ર : એલેના અબેસીનોવા

ગુજરાતી : સુધીર ઝવેરી




એક સમયે રુસ માં બે બહેનો રહેતી હતી. મોટી બહેને શહેર માં રહેતા એક વેપારી સાથે લગ્ન કર્યા. નાની બહેને ગામ માં રહેતા એક ખેડૂત સાથે લગ્ન કર્યા. જયારે મોટી બહેન નાની બહેન ને મળવા આવી, તો બડાઈ મારવા લાગી : "શહેર માં મારુ જીવન બહુ સારું છે, તારી તુલના માં બહુ સારું. હું એક મોટા, સુંદર ઘર માં રહુ છું. મારે ત્યાં બધું સાફ-સુથરું છે, અને હું જે ચાહું તે ખાઈ-પી શકું છું. હું મનોરંજન માટે ફરી શકું છું અને થિયેટર જઈ શકું છું."






18
Большой
домъ
35
ТЕАТР
ВОДА





નાની બહેને ગામ માં એના જીવન વિષે કહ્યું, "એ સાચું છે કે ગ્રામીણ જીવન એટલું સુંદર અને સ્વચ્છ નથી જેટલું તમારું શહેર માં છે. અમારે તનતોડ મહેનત કરવી પડે છે. પણ અમારું જીવન શાંત અને સુરક્ષિત છે. જમીન માંથી અમને ખાવાનું મળી રહે છે, જયારે શહેર માં તમે બધું ખોઈ શકો છો. શહેર માં મોટા પ્રલોભનો હોય છે. તમારા પતિ દારૂ પીવાનું અથવા જુગાર રમવાનું શરુ કરી શકે છે. એને કોઈ પ્રેમિકા મળી શકે છે. પણ એવો કોઈ બકવાટ ખ્યાલ મારા પતિ ના મનમાં ક્યારેય નહીં આવે. એ બહુ મહેનતુ છે."

નાની બહેન નો પતિ પખોમ તાપણાં પાસે સૂતો હતો. એની પત્ની એ જે કહ્યું એ એણે સાંભળ્યું અને એણે મનમાં વિચાર્યું કે એ બરાબર કહી રહી હતી. એનો દરેક શબ્દ સાચો હતો. જોકે, એ વાત બહુ શર્મનાક હતી કે એમની પાસે બહુ થોડી જમીન હતી. જો અમારી પાસે થોડી વધારે જમીન હોત તો હું કોઈ થી ક્યારેય ડરત નહીં.



એના ગામ નો જમીનદાર હંમેશા ખેડૂતો સાથે શાંતિ થી રહેતો હતો. પણ જ્યારથી એણે એક મેનેજર કામ પર રાખ્યો, ત્યારથી બધાને મુશ્કેલીઓ થવા લાગી. જો કોઈ ગાય જમીનદાર ની જમીન માં ભૂલ થી ભટકી ને જતી રહેતી, તો મેનેજર એ ખેડૂત ને દંડ કરતો. પખોમ ને ઘણી વાર આ દંડ ભરવો પડતો હતો. એની પાસે જે કંઈ થોડા પૈસા બચ્યા હતા, એ જલ્દી ખલાસ થઈ ગયા. ટૂંક સમય માં એ ચીડિયો અને અધીરો થઈ ગયો.

અંત માં જમીનદારે એની જમીન ખેડૂતો ને વેચી દીધી. પખોમે એને બહુ ઈર્ષ્યા થી જોયું કેમકે એના પાડોશી એ જમીનદાર ની પચાસ એકર જમીન ખરીદી હતી. પખોમે એની પત્ની ને કહ્યું, "જો, બધા પાડોશી જમીન ખરીદે છે. આપણે પણ હવે ખરીદવી જોઈએ."


પછી પખોમ અને એની પત્ની એ શહેર માં રહેતા એના સાળા પાસે પૈસા ઉધાર લીધા. પખોમ ના દીકરા ને બીજા ખેડૂતો માટે કામ કરવું પડયું. પણ પખોમે પચ્ચીસ એકર જમીન ખરીદવામાં કામયાબી હાસિલ કરી, જ્યાં ભોજપત્ર ના વૃક્ષો નું એક નાનું ઝૂંડ હતું.

પખોમ બહુ ખુશ થયો. હવે એ પોતાનો માલિક હતો. એના ખેતર માં મોલ ઊંચો ઉભો હતો. ફસલ સારી થઈ, અને એને બજાર માં સારો નફો થયો. એ એનું બધું ઋણ ચુકવવામાં સફળ થયો. હવે એના ઘર માં શાંતિ અને ખુશી હતી.









પણ આ ક્રમ બહુ દિવસો સુધી ન ચાલ્યો. ઘણીવાર પાડોશી ની ગાયો એની જમીન પર ભટકીને આવી જતી હતી અને પેટ ભરીને ચરતી હતી. પખોમે ખેડૂતો ને પોતાના પશુઓ ની દેખભાળ કરવા કહ્યું. પણ તેઓએ સાંભળ્યું નહીં. એટલે એ એના બે પાડોશીઓ ને દંડ ની રકમ ભરવા માટે અદાલત માં લઈ ગયો. એથી પાડોશી ગુસ્સે થયા, અને એમણે જાણી જોઈને પખોમ ની ભૂમિ ને ક્ષતિગ્રસ્ત કરી દીધી. એક સવારે, પખોમે જોયું કે એના પ્યારા ભોજપત્ર ના બધા વૃક્ષો ને પાડી નાખવામાં આવ્યા હતા અને એની છાલ છોલી નાખવામાં આવી હતી. એથી એનું દિલ તૂટી ગયું અને એ ગુસ્સે પણ થયો.




એને એના પાડોશી સાઈમન પર શક થયો એટલે એ સાઇમન ને અદાલત માં લઈ ગયો. પરંતુ પખોમ પાસે કોઈ પુરાવો ન હતો, એટલે જજો એ સાઇમન ને છોડી દીધો. પછી પખોમ જજો સાથે ઝગડવા લાગ્યો. જલ્દી ગામ ના બધા લોકો એના પર ગુસ્સે થયા. પખોમ માટે ગામ માં રહેવું અપ્રિય થઈ ગયું.





એક સાંજે, એક યાત્રી ખેડૂતે રાત ના આરામ કરવા માટે પખોમ પાસે જગ્યા માંગી. પખોમે એનું સ્વાગત કર્યું. રાત ના જમતી વખતે, ખેડૂતે કહ્યું, "હું નીચલી વોલ્ગા થી આવ્યો છું, ત્યાં હું કામ કરતો રહું છું. ત્યાં બહુ સારી જમીન છે. તમે એને સસ્તા માં ખરીદી શકો છો. મારા ગામ ના ઘણા લોકો ત્યાં ચાલ્યા ગયા છે. અને હવે એ બધા પૈસાદાર થઈ ગયા છે." ત્યારે પખોમે વિચાર્યું, હું અહીં શું કામ ગરીબી માં રહું, જયારે વોલ્ગા જઈને હું મારી સ્થિતિ ને વધારે સારી કરી શકું?








પાનખર માં પખોમ ત્યાં ગયો. એને અજનબી એ બતાવેલી વાત ની પુષ્ટિ કરવી હતી. અને અજનબી ની વાત સાચી નીકળી. એટલે પખોમ ઘરે પાછો ફર્યો અને એની તમામ જમીન અને ખેતી વેચી દીધા, જેમાં એને સારો લાભ થયો. વસંત ઋતુ માં એ એના પરિવાર સાથે વોલ્ગા ચાલ્યો ગયો.



ત્યાં પખોમ અને એના પરિવાર નું જોરદાર સ્વાગત થયું. પખોમે ગામ ના વૃદ્ધો ને ખાવા-પીવા ની ચીજો ઉદાર હાથે વહેંચી. બદલા માં, એમણે બધા આવશ્યક કાગળો ને તપાસવામાં એની મદદ કરી. પખોમ નો પાંચ લોકો નો પરિવાર હતો, એટલે એમણે એને એક સો પચ્ચીસ એકર જમીન આપવાની ફરમાઈશ કરી - જે એની પહેલાની જમીન કરતા પાંચ ગણી વધારે હતી. પખોમે ત્યાં તરત વસવાનું ચાલુ કર્યું. એણે પશુ ખરીદ્યા, એના ખેતર ખેડયા, અને બધું બરાબર ચાલ્યું. પણ થોડા દિવસો પછી પખોમ એક વાર ફરી અસંતુષ્ટ મહેસુસ કરવા લાગ્યો.

પખોમ ના ખેતર અલગ-અલગ ફેલાયેલા હતા. સારી ફસલ માટે, એને એના પાક ને નવી જમીન માં ઉગાડવાની જરૂર હતી, જે એને માટે મુશ્કેલ હતું. એણે જોયું કે અમીર ખેડૂતો ના ઘર એમના ખેતર ની વચ માં હતા. એણે વિચાર્યું : જો હું થોડી વધારે જમીન ખરીદી શકું તો હું મારુ ઘર ત્યાં બનાવી શકું.



પછી એણે એક ખેડૂત વિષે સાંભળ્યું જે ખરાબ પરિસ્થિતિ માં થી પસાર થઈ રહ્યો હતો. પખોમે એની પાસે થી બાર સો એકર જમીન એક હજાર રૂબલ માં ખરીદવાની વ્યવસ્થા કરી. પણ સોદો નક્કી થવાના થોડા સમય પહેલા, એક વેપારી યાત્રી, પખોમ ના ઘરે આરામ કરવા રાત્રે રોકાયો.

વેપારી એ પખોમ ને કહ્યું, "હું દૂર બશકીર દેશ થી આવું છું. ત્યાં ના લોકો બહુ મિલનસાર છે. એમની પાસે એટલી જમીન છે કે એની પરિક્રમા કરવા એક વર્ષ લાગી જાય. હું એમના માટે થોડી બક્ષિશ લઈને ગયો અને એમણે મને બાર હજાર એકર જમીન ફક્ત હજાર રૂબલ માં વેચી દીધી. એ બહુ સારી, ઉપજાઉ ભૂમિ છે અને એની પાસે એક નદી પણ છે." પખોમે મનમાં વિચાર્યું: હું અહીં બાર સો એકર જમીન માટે એક હજાર રૂબલ કેમ આપું, જયારે ત્યાં મને એજ કિંમત માં દસ ગણી વધારે જમીન મળી શકે છે?





પખોમે બશકીર દેશ પહોંચવાનો રસ્તો પૂછ્યો. એ તુરંત ત્યાં જવા માંગતો હતો. એણે એની પત્ની ને ખેતરો ની દેખભાળ માટે ભલામણ કરી, અને એક નોકર ને સાથે લઈને ત્યાં ગયો. એ થોડી ભેટ લેવા એક શહેર માં રોકાયો. પખોમ અને એના નોકર ને બશકીર પહોંચવામાં ઘણા દિવસો લાગ્યા. પણ જયારે તેઓ પહોંચ્યા ત્યારે એમનું બહુ મિત્રતા થી સ્વાગત થયું. બશકીર ના લોકો ખુશ, અને લાપરવાહ હતા. તેઓ પોતાના ખેતરો ખેડતા નહોતા. એમના પશુ અને ઘોડા ના ઝૂંડ ને સ્વતંત્ર રૂપ થી ફરવાની છૂટ હતી. બશકીરો એ પખોમ ને એક તંબુ માં આમંત્રિત કર્યો અને એને નરમ ગાદલા અને આસન પર બેસાડયો.

એમણે એને શ્રેષ્ઠ પનીર અને ઘેટાં ના બચ્ચા નું માંસ ખવડાવ્યું અને પીવા માટે ચ્હા આપી. પછી પખોમે એની ભેટ વહેંચી. બશકીર ખુશ થયા. એમણે કહ્યું, "તમે બહુ ઉદાર છો. અમે તમારા માટે શું કરી શકીયે?"

પખોમે કહ્યું, "હું તમારી પાસેથી જમીન ખરીદવા ચાહું છું. મારા ગામ ની માટી ખરાબ થઈ ગઈ છે, અને એ જમીન મારે માટે બહુ ઓછી છે. પણ અહીં ભૂમિ સારી અને ઉપજાઉ છે."

બશકીરો એ માથું હલાવ્યું અને કહ્યું, "તમારી મિત્રતા ને ધન્યવાદ આપવા, અમે તમને જોઈયે એટલી જમીન આપશું." પછી એ લોકો આપસ માં મસલત કરવા લાગ્યા. એક સમૂહે કહ્યું, "આપણ ને આપણા વડીલો ની મંજૂરી વગર કોઈ જમીન આપવાનો અધિકાર નથી."

"નહીં, આપણે આપી શકીયે છીએ," બીજા સમૂહે કહ્યું.





જયારે બશકીર આપસ માં દલીલ કરી રહ્યા હતા, ત્યારે રૂંવાટી ની ટોપી પહેરેલો એક માણસ તંબુ માં ઘુસ્યો. એ બુઝુર્ગ હતો અને વિવાદ નું કારણ જાણવા ચાહતો હતો. પખોમે એને સૌથી સરસ કફ્તાન અને પાંચ પાઉન્ડ ચ્હા ના ઉપહારો આપ્યા. બુઝુર્ગે પખોમ ને કહ્યું, "જો તમારે જમીન જોઈયે, તો જેટલી જોઈયે તેટલી લઈ લો. અમારી પાસે ઘણી જમીન છે."

પખોમે એનો આભાર માન્યો અને ભાવ પૂછ્યો.





"અમારો ફક્ત એકજ ભાવ છે," બુઝુર્ગે કહ્યું. "એક હજાર રૂબલ દિવસ ના." પખોમ ને સમજાયું નહીં. એટલે બુઝુર્ગે સમજાવ્યું, "એક દિવસ માં તમે ચાલી શકો, એટલી જમીન તમારી થઈ શકે છે. અને એની કિંમત એક હજાર રૂબલ છે."

વિસ્મિત પખોમે કહ્યું, "પણ એક દિવસ માં હું એક બહુ મોટા જમીન ના ટુકડા પર ચાલી શકું છું."

બુઝુર્ગે હસીને કહ્યું, "હા, અને પછી એ બધી જમીન તમારી. પણ સાંજ સુધી તમારે એ જગ્યા એ પાછા ફરવું પડશે જ્યાંથી તમે શરૂઆત કરી હતી. અન્યથા, એ જમીન તમારી નહીં થાય. અને ત્યારે અમે તમારા પૈસા પણ રાખી લેશું અને એ પાછા નહીં આપીયે."

પખોમ સોદા માટે રાજી થઈ ગયો. એમણે નક્કી કર્યું કે પખોમ બીજે દિવસે સવારે જમીન પર ચાલવા માટે નીકળશે.







એ રાત્રે જયારે પખોમ સૂતો, તો એ સૂઈ ન શક્યો. એણે હિસાબ લગાવ્યો કે ઉનાળા ના ગરમ દિવસ માં, એ સારી રીતે પચાસ માઈલ ચાલી શકે છે. અને પછી એના મગજ માં એ બધું વિચારવા લાગ્યો કે જે આટલી જમીન સાથે એ કરી શકે. "હું ખરાબ જમીન ને પટે આપી દઈશ અને સારી જમીન મારે માટે રાખીશ. પછી હું બે બળદ ની જોડી ખરીદીશ અને બીજા બે નોકર રાખીશ."

ભોર પહેલા એને ઊંઘ આવી અને એણે સ્વપ્નું જોયું. એણે જોયું કે બશકીર નો બુઝુર્ગ તંબુ ની બહાર બેસી ને જોર-જોર થી હસી રહ્યો છે.

પખોમ એની પાસે ગયો અને એને પૂછ્યું, "તમે કોની ઉપર હસી રહ્યા છો?" ત્યાં અચાનક પખોમ ને ત્યાં એક વેપારી બેઠેલો દેખાયો. પખોમે એને પૂછ્યું, "શું તમે અહીં લાંબા સમય થી છો?"


પણ ત્યારે ત્યાં વોલ્ગા નો ખેડૂત હતો. અચાનક પખોમે જોયું કે એક લાશ જમીન પર પડી હતી અને ડર ના માર્યા એને અહેસાસ થયો કે એ લાશ એની હતી. એ તુરંત ઊંઘ માં થી ઉઠયો અને એણે દુઃસ્વપ્ન ને દૂર કરવાની કોશિશ કરી. ત્યારે એણે એના નોકર અને બશકીરો ને જગાવ્યા. "ચાલો, જઇયે," પખોમે કહ્યું. "હવે મારે માટે જમીન ની ચારે બાજુ ચાલવાનો સમય છે. સૂર્યોદય જલ્દી થશે."






બશકીર પખોમ સાથે એક ટેકરી પાસે ગયા. જમીન તરફ જોતા, બુઝુર્ગે પખોમ ને કહ્યું, "આ બધી જમીન અમારી છે. તમે હવે તમારા માટે એક ટુકડો પસંદ કરો." પખોમ ની આંખો ચમકી ઉઠી.બુઝુર્ગે એની ફર ની ટોપી જમીન પર રાખી. "આ તમારું નિશાન છે. તમે અહીં થી શરુ કરશો, અને આ જગ્યા એ તમારે પાછા આવવાનું છે. જો તમે સૂર્યાસ્ત સુધી પાછા નહીં આવો, તો તમે સોદો ખોઈ દેશો. જો તમે પાછા આવશો, તો તમે જે જમીન પર ચાલ્યા છો, એ જમીન બધી તમારી થશે."

પખોમે પોતાના પૈસા પોતાની ટોપી માં રાખ્યા. પછી એણે એનું કફ્તાન ઉતાર્યું અને સૂરજ ની પહેલી કિરણ ની પ્રતીક્ષા કરવા લાગ્યો.






જેવી એને પ્રકાશ ની પહેલી કિરણ દેખાઈ, પખોમ પૂર્વ તરફ ચાલવા લાગ્યો. એના ખભા ઉપર ફાવડો હતો. એની ચાલ મજબૂત અને નિશ્ચિત હતી. એ ચાલતો રહ્યો. વારે-વારે રોકાઈ ને એણે ફાવડા થી નિશાન બનાવ્યા.



થોડા કલાકો પછી, પખોમે પોતાને કહ્યું, "હજી પાછા ફરવા માટે બહુ જલ્દી છે. અહીં ની માટી બહુ સારી છે. હું જેટલું ચાલીશ, મારી પાસે એટલી જ વધારે સારી જમીન હશે." અને એ લોભ માં ચાલતો જ રહ્યો. એને પરસેવો વળી ગયો હતો. જયારે એણે પાછા ફરીને એ સ્થાન તરફ જોયું, જ્યાંથી એ નીકળ્યો હતો, તો એ એને કીડી ના દર જેટલું નાનું લાગ્યું.



પછી એ ચોરસ ની બીજી બાજુ ચાલવા માટે વળ્યો. એ થાકી ગયો, અને એના માથે સૂરજ તપી રહ્યો હતો. પખોમે કેવળ એક નાનો લંચ બ્રેક લીધો, એણે બસ થોડું ખાધું-પીધું. "મારે આરામ કરવો ન જોઈયે, નહીં તો હું સૂઈ જઈશ," એ મનમાં બોલ્યો. એ ફરી ચાલવા લાગ્યો.





એ ચોરસ ની બીજી બાજુ પણ બહુ દૂર સુધી ચાલ્યો. દરેક વખતે જયારે એ વળવા ચાહતો, તો કોઈ ખુબસુરત જગ્યા એને લલચાવતી, અથવા કોઈ લીલા ઘાસ નું મેદાન આવી જતું. અંત માં એ ચોરસ ની ત્રીજી બાજુ વળ્યો. એણે જોયું કે ચોરસ ની પહેલી બે બાજુ બહુ લાંબી હતી. એટલે એ તેજ ચાલવા લાગ્યો. ત્રીજી બાજુ નાની કરવી પડશે.






હવે સૂર્યાસ્ત નજીક હતો. પખોમ ગભરાવા લાગ્યો. શું થશે જો એ સમય પર શરૂઆત ના બિંદુ સુધી ન પહોંચ્યો? એ જલ્દી થી ચોરસ ની ચોથી બાજુ વળ્યો. હવે એની અને શરૂઆત ની ટોપી વચ્ચે લગભગ પંદર માઈલ નું અંતર હતું. એણે દોડવાનું શરુ કર્યું, ટેકરી તરફ.

પખોમ તેજી થી દોડયો. પણ ટોપી હજી બહુ દૂર હતી, અને એ થાકી ગયો હતો. એના પગ માં દુઃખાવો હતો અને ફોલ્લા અને કાપા થી ભરાઈ ગયા હતા. "મારે ઉતાવળ કરવી જોઈયે," એ મનમાં બોલ્યો. "હું બહુ દૂર ચાલ્યો ગયો હતો. જો મને મોડું થયું, તો હું જમીન અને પૈસા બંને ખોઈ દઈશ." એક આખરી પ્રયાસ સાથે, એણે પોતાની જાત ને વધારે તેજી થી ચાલવા મજબૂર કરી. એ હાંફી રહ્યો હતો, એનું હૃદય તેજી થી ધડકી રહ્યું હતું, અને એનું મોઢું સૂકાઈ ગયું હતું. સૂરજ ક્ષિતિજ પર નીચે ઉતરી ગયો હતો. પખોમ હજી તેજી થી દોડયો. થોડી વાર માં, એ ટેકરી ની તળેટી સુધી પહોંચી ગયો. સૂરજ ડૂબી રહ્યો હતો. "કાશ," એણે વિલાપ કરતા કહ્યું, "હું મારા લક્ષ્ય સુધી નહીં પહોંચી શકું. મેં બધું ખોઈ દીધું, અને હું બધી રીતે બરબાદ થઈ ગયો છું."





ત્યાં એણે બશકીરો નો અવાજ સાંભળ્યો. એમણે એની તરફ હાથ હલાવ્યા અને એને તેજી થી આગળ વધવા પ્રેરિત કર્યો. ટેકરી ની ટોચ પર, સૂરજ હજી દેખાઈ રહ્યો હતો. એની આખરી તાકાત સાથે, પખોમ ટેકરી પર ચઢી ગયો. બુઝુર્ગ ત્યાં જ બેઠો હતો, અને એ સાચે જોરથી હસી રહ્યો હતો. પખોમે નિસાસો નાખ્યો. એના પગે જવાબ દઈ દીધો. ફક્ત એના હાથ ટોપી સુધી પહોંચી શક્યા.







ત્યારે બુઝુર્ગે બૂમ પાડી, "સારું કર્યું! તેં બહુ બધી જમીન જીતી લીધી છે." પણ પખોમ એ સાંભળી ન શક્યો, કેમકે એ મરી ને ત્યાં જ પડી ગયો હતો. બશકીરો ને બહુ દુઃખ થયું. પખોમ ના નોકરે ફાવડો લીધો અને એના મલિક માટે એક કબર ખોદી - પખોમ ના શરીર જેટલી લાંબી અને પહોળી, બિલકુલ ત્યાં, જ્યાં એ જમીન પર પડયો હતો.

લીઓ ટોલ્સ્ટોય (1828-1910)

લીઓ ટોલ્સ્ટોય દુનિયા ના સૌથી પ્રસિદ્ધ લેખકો માં થી એક છે. એમની સૌથી પ્રસિદ્ધ રચનાઓ "યુદ્ધ અને શાંતિ", "અન્ના કેરેનીના", અને "પુનરુત્થાન" છે. એમણે અગણિત વાર્તાઓ અને ઉપન્યાસ લખ્યા છે. એમના પછીના વર્ષો ધાર્મિક અને રાજનીતિક લેખન ને સમર્પિત હતા.

લેવ (લીઓ) નિકોલાયેવીચ ટોલ્સ્ટોય નિકોલે ઇલિચ ટોલ્સ્ટોય ના પાંચ બાળકો અને એક અમીર રાજકુમાર ની બેટી, મારિયા વોલ્કોન્સકાયા ના પાંચ બાળકો માં બીજા સૌથી નાના બાળક હતા. એમનો જન્મ 28 ઓગસ્ટ, 1828, માં એમના ફેમિલી એસ્ટેટ, યાસ્નાયા પોલીના (ગવર્નમેન્ટ તુલા, મધ્ય રુસ) માં થયો હતો. એમના માતા-પિતા નું જલ્દી મૃત્યુ થઈ ગયું. એની એક કાકી લીઓ અને એના ભાઈ-બહેનો ની દેખભાળ માટે યાસ્નાયા આવી. રુસી જમીનદાર અમીરશાહી વર્ગ માં પેદા થયેલા બધા બાળકો ની જેમ, એમને ઘર પર જ શિક્ષિત કરાયા, અને એમણે એક લાપરવાહ બાળપણ ના જીવન નો આનંદ લીધો.

પછી, ટોલ્સ્ટોય એ કઝાન વિશ્વવિદ્યાલય માં કાનૂન નું અધ્યયન કર્યું. એમણે ત્રણ વર્ષો પછી ભણવાનું છોડી દીધું અને યાસ્નાયા એસ્ટેટ માં આવી રિટાયર થયા, જે એમને વિરાસત માં મળી હતી. એ એક પ્રગતિશીલ જમીનદાર બનવા માંગતા હતા, અને એમની પાસે પોતાના ગુલામો ના જીવન ને વધુ સારું બનાવવા માટે ઘણા નવા વિચાર હતા. પણ આ પરિવર્તનો વિષે ગુલામો ને કંઈ સમજાયું નહીં, અને નિરાશ થઈ ને ટોલ્સ્ટોય મોસ્કો ચાલ્યા ગયા.



1851 માં, ટોલ્સ્ટોય અને એના ભાઈ રુસી સેના માં જોડાયા અને કાઉકેસસ ગયા. ત્યાં ટોલ્સ્ટોય એ કોસ્સાક્સ ના સરળ જીવન વિષે જાણ્યું, જે એમણે પછી એમની વાર્તા ઓ માં ચિત્રિત કર્યું. 1854 ના અંત માં, એમણે પ્રસિદ્ધ ચોથા ક્રિમિઅન ગઢ માં સેબેસ્તોપોલ ની રક્ષા માં ભાગ લીધો.

સેબેસ્તોપોલ વિષે એમની ત્રણ યુદ્ધ કથાઓ એ એમને આખા દેશ માં પ્રસિદ્ધ કરી દીધા. 1856 માં, સેના છોડયા પછી, ટોલ્સ્ટોય એમના એસ્ટેટ માં પાછા ફર્યા. એ એમના દાસો ને સ્વતંત્રતા આપવા તૈયાર હતા, પણ ગુલામો ના અવિશ્વાસ થી એ ફરી હારી ગયા. એક વિસ્તૃત યુરોપીય યાત્રા પછી, એમણે એમની એસ્ટેટ પર ખેડૂતો ના બાળકો માટે એક સ્કૂલ ખોલી, જ્યાં એમણે આધુનિક, સત્તા-વિરોધી પદ્ધતિ થી શીખવાડયું.

1862 માં, એમણે સોફિયા આન્દ્રેયેવના બેર્સ સાથે લગ્ન કર્યા, જે એક ડૉક્ટર ની પુત્રી હતી. એમના તેર છોકરા થયા, પણ એમના લગ્ન હંમેશા ખુશ ન રહ્યા. એમના જીવન ના ઉત્તરાર્ધ માં, ટોલ્સ્ટોય એ સાહિત્ય ની ઉપેક્ષા કરી અને પોતાને ધર્મ માટે સમર્પિત કરી દીધા. એ ચર્ચ થી દૂર થઈ ગયા અને એમણે એમના વિચાર અને વિશ્વાસ વિકસિત કર્યા. એમણે બધી સાંસારિક સંપત્તિ ને ઠુકરાવી ને એ એની પત્ની ને નામ કરી દીધી અને 1901 માં એમણે નોબેલ પુરસ્કાર માટે પણ ઇન્કાર કરી દીધો.

1878 માં, લેખક ઈવાન તુર્ગેનેવ ટોલ્સ્ટોય ને મળ્યા અને એમને લેખન કાર્ય ફરી ચાલુ કરવા આગ્રહ કર્યો. 1883 માં એની મૃત્યુશૈયા પર થી, તુર્ગેનેવે ટોલ્સ્ટોય ને એક પત્ર લખ્યો, જેમાં એણે "રુસી ભૂમિ ના મહાન લેખક" ને સાહિત્ય માં પાછા ફરવાની સલાહ આપી. 1884 માં, ટોલ્સ્ટોય એ એની ધાર્મિક ગતિવિધિઓ ને ચાલુ રાખી ને એનું સાહિત્યિક કાર્ય ફરી શરુ કર્યું. એમણે સારી, સસ્તી ચોપડીઓ પ્રકાશિત કરવાની યોજના સાથે એક પ્રકાશન ગૃહ ની સ્થાપના કરી.

1891 માં, ટોલ્સ્ટોય એ એના સાહિત્યિક કોપીરાઈટ ને ત્યાગી દીધું. સોફિયા એ એના બાળકો ના ભવિષ્ય વિષે વિચાર્યું પણ એ ટોલ્સ્ટોય ને સમજાવવામાં વિફળ રહી, એને એણે કેટલાક કોપીરાઈટ રાખવા સંઘર્ષ કર્યો. આ રીતે એણે બાળકો ની શિક્ષા માટે થોડા પૈસા મેળવ્યા. પણ ટોલ્સ્ટોય અને સોફિયા વચ્ચે મતભેદ ચાલુ રહ્યા. 28 ઓક્ટોબર, 1910 ની રાતે, ટોલ્સ્ટોય એ યાસ્નાયા પોલીના ની સંપત્તિ છોડી દીધી. થોડા દિવસો પછી, 7 નવેમ્બર ના, આંતરરાષ્ટ્રીય સ્તર પર પ્રસિદ્ધ લેખક નું ફેફસા ના સંક્રમણ થી મૃત્યુ થયું.



1886 માં લીઓ ટોલ્સ્ટોય એ લખેલી વાર્તા બાળકો માટે સંક્ષિપ્ત કરવામાં આવી. પખોમ નામના એક લાલચી ખેડૂત ની મોહિત કરનારી વાર્તા છે. જોકે પખોમ ને સ્વાસ્થ્ય અને પારિવારિક સુખ પ્રાપ્ત છે, એ એના સાસરિયા ની ભવ્યતા થી ઈર્ષ્યા કરે છે, એ વધારે ભૂમિ ની તલાશ માં જવાનો ફેંસલો કરે છે, અને એ ખબર પડે છે કે પ્રત્યેક સંપ્રાપ્તિ એક નવી સમસ્યા ઉભી કરે છે. છેવટે પખોમ ને એક એવા અવસર વિષે ખબર પડે છે જેને અણદેખો કરવાનું બહુ મુશ્કેલ છે, અને એ બશકીરો ની ભૂમિ ની યાત્રા કરે છે, જ્યાં એ એક દિવસ માં એટલી જ ભૂમિ સંપાદિત કરી શકે છે, જેટલી એ એક દિવસ માં ચાલી શકે.

